સામાન્ય બોલાચાલીના બનાવોને બાદ કરતાં મતદાન શાંતિપૂર્વક સંપન્ન

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ૪૨૧ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ૭૭ ટકા વિક્રમી મતદાન

૧૮૬૮ સરપંચ ઉમેદવારોનું ભાવિ મત પેટીમાં સીલ, આજે મંગળવારે સવારથી મત ગણતરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

જિલ્લાની મુદત પૂર્ણ કરતી ૪૨૧ ગ્રામ પંચાયતોના સરપંચ અને વોર્ડ ઉમેદવારોની પસંદગી માટે રવિવારે મતદાન યોજાયું હતું. ઠંડીના સપાટા વચ્ચે સાબરકાંઠા-અરવલ્લીમાં મતદારોએ જંગી મતદાન કર્યું છે. સાબરકાંઠામાં વિક્રમી ૭૭ ટકા અને અરવલ્લીમાં પણ ૭૬ ટકાથી વધુ મતદાન થયું છે. અરવલ્લી વહિવટીતંત્ર દ્વારા બીજા દિવસ સવાર સુધી મતદાનના આંકડા જાહેર કરી શક્યું ન હતું. કેટલાક વિસ્તારોમાં સામાન્ય બોલાચાલી અને મતદારોને વાહનોમાં બેસાડીને લાવવાના મુદ્દે ઉગ્રતાને બાદ કરતાં મતદાન શાંતિપૂર્વક સંપન્ન થતાં પોલીસ અને વહીવટી તંત્રએ હાશ અનુભવી છે. મતદાન પૂર્ણ થયા પછી મત પેટીઓને પોલીસના સઘન પહેરા વચ્ચે તાલુકા મથકના સ્ટ્રોંગ રૂમમાં લઈ જવામાં આવી હતી. ૧૮૬૮ સરપંચ અને ૫૮૪૩ વોર્ડ ઉમેદવારોનું ભાવિ સીલ થયા પછી આજે મંગળવારે તા.૨૧ના રોજ સવારે મત ગણતરી યોજાશે. બેલેટ પેપરથી મતદાન યોજાયું હોવાથી રાત્રિ સુધીમાં તમામ પરિણામો જાહેર થઈ જશે. જિલ્લામાં ભિલોડા, મેઘરજ, સરડોઈ, ધનસુરા, ડેમાઈ, રણેચી, ગાબટ, રડોદરા, ચોઈલા ગ્રામ પંચાયતોની ચૂંટણી ઉપર સૌની નજર ટેકવાયેલી રહી છે. આ તમામ પંચાયતોમાં વિક્રમી મતદાન થયું છે. જિલ્લામાં સરેરાશ ૭૭ ટકાથી વધુ વિક્રમી મતદાન થયાના અહેવાલ છે.

શિયાળાની સીઝનમાં રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયતનો ચૂંટણી જંગ જાહેર થતાંની સાથે જિલ્લાના ગામડાઓમાં રાજકારણ ગરમાયું હતું. ગામડાઓના વિકાસ માટે યુવાનો હવે સજાગ બની જંગમાં ઝંપલાવતાં ગ્રામ્ય વિસ્તારના જંગમાં નવી અને જૂની પેઢીનો જંગ કેટલાક વિસ્તારોમાં સામસામે જોવા મળ્યો. તા.૭ ડિસેમ્બરે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થયા પછી ૪૨૧ ગ્રામ પંચાયતોમાં સરપંચ અને વોર્ડ ચૂંટણી લડતા ઉમેદવારોએ પેનલ તેમજ પોતાની રીતે એડી ટોચનું જોર લગાવી પ્રચાર કાર્ય હાથ ધર્યું હતું. મતદારોને આકર્ષવા માટે અનેક પ્રલોભનો સહિત દામ, શામ, દંડની નીતિ અખત્યાર થઈ છતાં જિલ્લાના ૮.૯૬ લાખ મતદારોએ બધુ સમજતા હોવા છતાં મતદાન શરૂ થાય ત્યાં સુધી મૌન ધારણ કર્યું હતું જેના કારણે આ વખતનો ગ્રામ પંચાયતનો ચૂંટણી જંગ ઐતિહાસિક બની રહ્યો છે. દરેક ગ્રામ પંચાયતના મતદારો વિકાસને ઝંખતા હોવાથી પોતાની કોઠાસૂઝથી વિક્રમી મતદાન કર્યું છે. વતનથી દૂર રહેતા લોકો પણ પોતાના ગામના વિકાસ માટે કિંમતી મત આપવા માટે વાહનો મારફતે આવી પહોંચતાં ચૂંટણીનું પર્વ એક રીતે સબંધીઓ અને મિત્રો માટે મિલન પર્વ બનીને રહી ગયું હતું. સવારે ૭-૦૦ કલાકે મતદાન શરૂ થતાં કાતિલ ઠંડીના સૂસવાટા વચ્ચે મોટાભાગના મતદાન મથકો ઉપર મહિલા અને પુરૂષોની લાંબી કતારો જોવા મળી હતી.

વૃદ્ધ મતદારોને લાવવા માટે ઉમેદવારોનું માઈક્રો પ્લાનિંગ

બાયડ, તા.૨૦

જિલ્લાની ૪૨૧ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી માટે રવિવારે મતદાન યોજાતાં સવારથી મતદાન મથકો ઉપર મતદારોની ભીડ એકઠી થઈ હતી. ઉમેદવારોએ સવારમાં મતદારોની ઓછી હાજરી હોવાનો અંદાજ લગાવી વૃદ્ધ મતદારોને લાવવા માટે ખાસ માઈક્રો પ્લાનિંગ કર્યું હોય તેવું અનેક વિસ્તારોમાં જોવા મળ્યું. જ્યારે વૃદ્ધ મતદારોને યુવાઓએ પણ સન્માન આપ્યું હોય તેમ તેઓને પહેલાં મતદાન કરાવી વિવેકશીલતા દેખાડ્યાના દાખલા જોવા મળ્યા હતા.

બેલેટ પેપરથી મતદાન : હજારો મત રદ થવાની સંભાવના

બાયડ, તા.૨૦

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની ૪૨૧ ગ્રામ પંચાયતોની યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં ૬.૮૯ લાખથી વધુ મતદારોએ મતદાન કર્યું હોય તેવું જંગી મતદાન ઉપરથી લાગી રહ્યું છે. ઈ.વી.એમ. મશીનથી મતદાન યોજાય ત્યારે મત રદ થતા નથી પરંતુ બેલેટ પેપરથી મતદાન યોજાય ત્યારે સિક્કો આગાપાછી લાગે તો પણ મત રદ કરાતો હોય છે. જિલ્લાની ૪૨૧ પૈકી ૨૦૦ થી વધુ પંચાયતોમાં કાંટેકી ટક્કર જેવો જંગ છે અને બેલેટ પેપરથી મતદાન કરાયું હોવાથી હજારો મત રદ થવાની સંભાવના છે જેના કારણે રદ થયેલા મત અનેક ઉમેદવારોની જીતની બાજી બગાડી નાખે તેવી દહેશત સેવાઈ રહી છે.

જન્મદિને વધામણી

ખુશ્બુ સંકેત કુમાર પટેલ
ડેમાઈ તા. બાયડ

પંકજભાઈ કે.પટેલ
સ્વામીનારાયણ સોસાયટી
બાયડ(આકુંદ)

દિવ્યેશભાઈ ભાવસાર
વડાલી જિલ્લો
સાબરકાંઠા

સંજયભાઈ મોહનભાઈ
પટેલ
પૂર્વ પ્રમુખ, સાબરકાંઠા
જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ
હડિયોલ તા.હિંમતનગર

અલ્કેશભાઈ પટેલ
મોડાસા જિલ્લો અરવલ્લી

મનુભાઈ શાહ
વલ્લભ નગર સોસાયટી
બાયડ જીલ્લો અરવલ્લી

કિષ્નાબેન ગોપલકુમાર
પટેલ
સ્વામીનારાયણ સોસાયટી
બાયડ

ચિરાગભાઈ હરેશભાઈ
જોશી
એફ,૭ વ્રજ ગાર્ડન
સોસાયટી
બાયડ જી,અરવલ્લી

હેડ ક્લાર્ક પરીક્ષા પેપર લીક મામલે જીલ્લા કોંગ્રેસે સમિતિ દ્વારા સાબરકાંઠા કલેકટરને આવેદનપત્ર

હિંમતનગર, તા. ૨૦

ગુજરાત રાજ્યમાં તાજેતરમાં થયેલ હેડ ક્લાર્ક પરીક્ષાનાં પેપર લીક મામલે સાબરકાંઠા જીલ્લા કોંગ્રેસ સમિતી દ્વારા જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું. આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર ગૌણ સેવા પસંદગી મંડળનાં અધ્યક્ષ અસિત વોરા એ જ્યારથી ચાર્જ સંભાળ્યો છે ત્યારથી વારંવાર પેપર લીક થવાના મામલા વધ્યા છે અને વારંવાર પરીક્ષાઓ રદ કરી વિદ્યાર્થીઓ નાં ભવિષ્ય બગાડવાનું કાવતરું કરવામાં આવી રહ્યું છે તેમ છતાં આસિત વોરા અને બીજા દોસીઓ સામે પગલાં લેવામાં આવતા નથી. પ્રશ્નપત્ર ખરીદનાર વિદ્યાર્થી અને વાલીઓને આરોપી બનાવી દઈ મોટા અધિકારીઓ અને ગૌણ સેવા પસંદગી મંડળ ના અધ્યક્ષ અસિત વોરા ને બચાવવાના કાવતરા થઈ રહ્યાં છે જવાબદાર લોકોનેજ મુખ્ય આરોપી બનાવી ફરીયાદ કરવામાં આવે અને આસિત વોરા ને તત્કાલ પદ ઉપરથી દુર કરવામાં આવે અને તેની વિરુદ્ધ નિવૃત્ત ન્યાયાધીશ દ્વારા તપાસ પંચ નીમી તેની આવક અને મિલકતની પણ તપાસ કરવામાં આવે તેવી માંગણી જીલ્લા કોંગ્રેસ સમિતી દ્વારા કરવામાં આવી છે. આ પ્રસંગે જીલ્લા કોંગ્રેસ પ્રમુખ કમલેશ પટેલ તાલુકા પ્રમુખ લાલસિંહ પરમાર મહીલા પ્રમુખ જયોતિબેન શેહેર પ્રમુખ પ્રિયવદન પટેલ દવે રાજેન્દ્રસિંહ કુંપાવત અશોક પટેલ બલવંત સિહ દેવડા અજમેલસિંહ નંદુ પટેલ જીલ્લા પંચાયત તાલુકા પંચાયત નગર પાલિકા સદસ્યો મીડિયા કનવિનર યુસુફ બચ્ચા તથા કૉંગ્રેસ ના હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતા.

છૂક છૂક રેલસેવાને ૨ વર્ષથી કોરોનાનું ગ્રહણ

મોડાસા-નડીયાદ-કપડવંજ રેલવે શરૂ ન થતાં મુસાફરો સાથે વેપારીઓને હાલાકી

બાયડ, તા. ૨૦

મોડાસા-નડીયાદ-કપડવંજ રેલવે લાઈનને ૨ વર્ષથી કોરોનાનું ગ્રહણ લાગ્યું છે. રેલ સેવા બંધ રહેવાના કારણે મોડાસા-બાયડ સહિતના મુસાફરોની સાથે હવે વેપારીઓ પણ હાલાકીમાં મુકાયા છે. કોરોનાનું સંક્રમણ ઘટતાં નડીયાદને જોડતી અન્ય મેમુ ટ્રેન દોડતી થઈ છે પરંતુ ૧૦૪ કિ.મી.ની રેલસેવા શરૂ કરવામાં ન આવતાં અનેક તર્ક શરૂ થયા છે. રેલવેના પાટા પણ હવે રેલવે વગર ભેંકાર ભાસી રહ્યા છે.

મોડાસા-નડીયાદ-કપડવંજ રેલસેવા શરૂ કરવામાં આવતાં મુસાફરોની સાથે ખાસ કરીને વેપારીઓ માટે આ સેવા અત્યંત મહત્વની બની હતી. નિયમિત મુસાફરોની સાથે નડીયાદથી વેપાર અર્થે સરસામાન લાવવો હોય તો મોડાસા-બાયડ સહિતના વેપારીઓને ઘણી સુલભતા પ્રાપ્ત થઈ પરંતુ કોરોનાના કપરાકાળમાં રેલવે વિભાગ દ્વારા ટ્રેન સેવા બંધ કરવામાં આવ્યા પછી ૨ વર્ષનો સમય થયો હોવા છતાં હજુ સુધી છૂક છૂક રેલ દોડતી થઈ શકી નથી. માર્ચ-૨૦૧૯ થી રેલસેવા બંધ થતાં હાલાકી ઉભી થઈ છે. ૧૦૪.૮૪ કિ.મી. લાંબી રેલલાઈન ઉપર અગાઉ ૮ રેલવે સ્ટેશનો ઉપર સ્ટોપેજ આપવામાં આવતાં તેનો મુસાફરોને વધુ લાભ મળતો હતો પરંતુ વિભાગ દ્વારા કોરોનાનું સંક્રમણ ઘટ્યું છે તેમ છતાં ટ્રેન સેવા શરૂ કરવાનો કોઈ અણસાર દેખાતા નથી. જેથી મુસાફરો સાથે વેપારીઓમાં પણ તેનો ચણભણાટ જોવા મળી રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા કોવિડ ગાઈડલાઈન સાથે કેટલીક છૂટ આપવામાં આવ્યા પછી સલામત ગણાતી એસ.ટી.ની સવારી હવે પૂર્વવત ક્યારની થઈ ગઈ છે. પરંતુ એકમાત્ર મોડાસા-કપડવંજ-નડીયાદ રેલવે લાઈનને પૂર્વવત કરવામાં રેલવે વિભાગને કયો ગ્રહ નડે છે..?? તે રેલ સેવાનો લાભ લેનારાઓને સમજાતું નથી.

ગ્રામીણ વિતરકોની દુકાને યુરિયા ખાતરનો જથ્થો આવતા ખરીદવા ખેડૂતોની લાઈનો લાગી

રાયગઢ તા.૨૦

છેલ્લા કેટલાક સમયથી સાબરકાંઠા સહિત અન્ય જિલ્લાઓમાં શિયાળુ પાક માટે જરૂરી રાસાયણિક ખાતર યુરિયાની ભારે તંગી વર્તાતા ખેડૂતવર્ગ મુશ્કેલીમાં મુકાયો હતો પરંતુ શુક્રવારના રોજ જિલ્લાના હિંમતનગર ખાતે રેલવે વેગનો દ્વારા ખાતરનો જથ્થો રેલવે સ્ટેશન પર આવ્યા બાદ ગ્રામ્ય વિસ્તારના ખાતર વિતરકો પાસે આ જથ્થો પહોંચતા જ શિયાળાની વહેલી સવારે કડકડતી ઠંડીમાં ખેડૂતો ખાતર ખરીદવા માટે પડાપડી સાથે લાંબી લાઈનો લાગી હતી. જિલ્લામાં વાવેતર કરેલ બટાકા, ચણા, ઘઉ, એરંડા, રાયડો, વરીયાળી, તમાકુ સહિત વિવિધ ઊભા પાકના વાવેતર માટે જરૂરી યુરિયા ખાતરના અભાવે ખેડૂતોને ભટકવું પડતું હતું પરંતુ જિલ્લામાં જરૂરિયાત મુજબ ખાતરનો ૨૬૦૦ મેટ્રીક ટનનો જથ્થો આવી પહોંચતા ધરતીપુત્રોએ હાશકારો અનુભવ્યો છે.

હિંમતનગર ઉમા કેળવણી મંડળીમાં પ્રમુખપદે વરણી

ગાંભોઈ, તા.૨૦

કચ્છ કડવા પાટીદાર ઉમા કેળવણી મંડળ મોતીપુરા હિંમતનગરની જનરલ સભાબાદ કારોબારી સભા મળી હતી. જેમાં પ્રમુખપદે વિવિધ સહકારી, શિક્ષણ અને સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા તેમજ હિંમતનગરના પૂર્વ ધારાસભ્યશ્રી નાથાભાઈ દેવજીભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જ્યારે ઉપપ્રમુખ તરીકે કાંતિભાઈ કે.પટેલ (ગાંધીપુરાકંપા) તેમજ નરસિંહભાઈ એમ. પટેલ (રામપુરાકંપા) તથા મંત્રી તરીકે રસિકભાઈ ડી.પટેલ(હિંમતનગર) તેમજ અન્ય હોદ્દેદારોની બિનહરીફ સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

આજે મત ગણતરી, ઉમેદવારોના ભાવિનો ફેંસલો

ભિલોડા તાલુકામાં ગ્રામ પંચાયતોની ચુંટણીનું મતદાન એકંદરે શાંતિ પુર્ણ માહોલમાં સંપન્ન

મત ગણતરી પર દરેક મતદારોની નજર સરપંચ અને સભ્ય પદનો કડશ કોના શિરે આવશે તેની અવનવી ચર્ચા એ ભારે જોર પકડ્યું

ભિલોડા,તા.૨૦

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ગ્રામ પંચાયતોની ચુંટણી દરમ્યાન શિયાળાની કડકડતી ઠંડીના પ્રકોપ વચ્ચે મતદારોએ ઉમળકાભેર હોંશે હોંશે વિક્રમજનક મતદાન કર્યું હતું. એક સાથે બે મત અને બેલેટ પેપર થી મત આપવાનો હોવાથી અમુક ગ્રામ્ય વિસ્તારોમાં રાત્રે મોડે સુધી મતદાન શરૂ રાખવું પડયું હતું.ભિલોડાના અમુક ગ્રામ્ય વિસ્તારોમાં ધીમી કામગીરીને કારણે મતદાન કરવા માટે લાંબી લાંબી કતારોમાં મતદારોએ વિલંબ કર્યો હતો. મતદાનનો સમય સાંજે છ વાગ્યે પુર્ણ થયા બાદ કયાંક કયાંક મતદાન મથકો પર મોડે સુધી મતદાન શરૂ રાખવું પડયું હતું. ગ્રામ્ય વિસ્તારોમાં મતદાન બુથ મથકો પાસે લોકોના ટોળે ટોળા એકત્રિત થતા વારંવાર સંઘર્ષમય વાતાવરણ જોવા મળ્યું હતું.ગ્રામ પંચાયતની ચુંટણીમાં ભારે રસાકસીભર્યા ચુંટણીના જંગ દરમ્યાન મતદારોના વિરાટ સ્વરૂપના દર્શન જોવા મળ્યા હતા.

મતદાન ઉત્સાહભેર પુર્ણ થયા બાદ રાજકીય પંડીતો અવનવી ગણતરી માંડતા સરપંચ અને સભ્ય પદના ઉમેદવારો ચિંતિત જોવા મળી રહ્યા છે. હવે ચોરે અને ચોંટે એક જ ચર્ચા નવિન સરપંચ કોણ બનશે ત્યારે અત્રે ઉલ્લેખનીય છે કે ભિલોડા તાલુકાની ૫૭ ગ્રામ પંચાયતોની મત ગણતરી પર દરેક મતદારોની નજર સરપંચ અને સભ્ય પદના ઉમેદવારો કોણ કોણ જીતશે એ તો પરીણામ જાહેર થયા બાદ જ ખબર પડશે,પોલીસ બંદોબસ્ત વચ્ચે ભિલોડા એન.આર.એ. વિદ્યાલયમાં સવારે ૯:૦૦ વાગ્યે વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ દ્વારા મત ગણતરી હાથ ધરાશે,પરીણામ જાહેર થયા બાદ કહીં ખુશી,કહીં ગમના દ્રશ્યો સર્જાશે તેવા એધાંણ વર્તાઈ રહ્યા છે. વિજેતા સરપંચો અને સભ્યોના વિજય સરઘસ ડી.જે ના તાલે વાજતે-ગાજતે નિકળશે, ફટાકડાની આતશબાજી થશે, ગુલાલની છોળો ઉડશે,સમર્થકો, ટેકેદારો અભિવાદન જીલશે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે નવિન સરપંચો ગ્રામ્ય વિસ્તારોમાં ઝડહડતો વિકાસ કરશે તેવી મતદારોને આશા છે.

ધાનેરા તાલુકાની ૨૨ ગ્રામ પંચાયતોમાં શાંતિપૂર્ણ મતદાન સાથે ઉમેદવારોના ભાવિ મતપેટીઓમાં થયાં સીલ....

ધાનેરા તા.૨૦

બનાસકાંઠા જિલ્લામાં સરપંચો અને સભ્યોની ચૂંટણી માટે ઈ વી એમ.ની જગ્યાએ બેલેટ પેપરથી મતદાન યોજાયું હતું વહેલી સવારથી જ મતદાતાઓએ મતદાન કરવા લાંબી કતારો લગાવી હતી.

જિલ્લામાં ૧૮૭૭ સરપંચના ઉમેદવારો અને ૪૫૬૨ વોર્ડ સભ્યોના ઉમેદવારો માટે મતદાતાઓએ મતદાન કર્યું હતું.તંત્ર દ્વારા ૨૭૬૬ મતપેટીઓ અને ૯૮૬૫ જેટલો પોલિંગ સ્ટાફ તૈનાત કરાયો હતો. અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ૧૮૦૦ જેટલા પોલીસ અને હોમગાર્ડનો પૂરતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો . ધાનેરા તાલુકામા યોજાયેલી ૨૨ ગ્રામ પંચાયતોની ચુંટણીમાં શાંતીપૂર્ણ રીતે મતદાન થયું હતું. જિલ્લાના અનેક ગામોમાં સરપંચના ઉમેદવારો વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી.અત્યારે તો સરપંચ અને સભ્યના તમામ ઉમેદવારો જીતનો દાવો કરી રહ્યા છે. જોકે એકવીસ તારીખે મતગણતરી હાથ ધરવામાં આવશે ત્યારે જ આખરી પરિણામ જાહેર કરવામાં આવશે.

ધાનેરામાં આવેલ ધરણીધર શોપિંગ સેન્ટર જર્જરિત હાલતમાં

ગમે ત્યારે મોટી જાનહાની થાય તે પહેલા નગરપાલિકા કાર્યવાહી કરશે?

ધાનેરા તા. ૨૦

ધાનેરામાં અનેક જુના શોપિંગ સેન્ટર છે જેમાં ધરણીધર શોપિંગ સેન્ટર ના પહેલા માળની દુકાનો ઉપર જર્જરિત હાલતમાં જોવા મળી રહી છે.

આ શોપિંગ સેન્ટર ની સીડી ઉપર ચડતાં કઠેડો તૂટી ગયેલ છે .અને તેની ઉપરની દુકાનોની બધી છતની ગેલેરી ના પોપડા નીચે પડી રહ્યા છે .આ સમયે ગમે તે રાહદારી ત્યાંથી પસાર થતાં મોટી જાન હાની થાય

તેવી શક્યતા છે. તેમજ સીડી ની બાજુમાં થાંભલા પર બધી દુકાનદારોના લાઈટ કનેક્શન છે માટે ગમે ત્યારે શોર્ટ સર્કિટ થાય અને કોઈ વ્યક્તિની જાનહાનિ દુર્ઘટના થાય તે પહેલાં ધાનેરા નગરપાલિકા ધરણીધર શોપિંગ સેન્ટર ની તપાસ કરી અને તાકીદે સમારકામ ચાલુ કરવા માટે માલિકોને નોટિસ આપે તેવી લોકોની ઉગ્ર માંગ છે.

બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણી સંપન્ન : ૭૪.૮૨% ટકા મતદાન

જિલ્લામાં ૫૨૮ મતદાન મથકો પર મતદાન થયું

પાલનપુર તા.૨૦

આજે વહેલી સવારથી ગ્રામપંચાયતની ચૂંટણી પર મતદાન થયું હતું. બનાસકાંઠા જિલ્લાની ૫૮૮ ગ્રામ પંચાયતોમાં ચૂંટણી જાહેર થઈ હતી. જે પૈકી ૬૦ બિનહરીફ હતી. જ્યારે ૪૬ પંચાયતો સમરસ થઈ હતી. સરપંચની ૬૮ બેઠકો જ્યારે વોર્ડની ૩૨૬૨ બેઠકો બિનહરીફ થઈ હતી. જે બાદ ૫૨૮ ગ્રામ પંચાયતોમાં આજે ચૂંટણી યોજાઈ હતી જેમાં કુલ ૧૩ લાખ ૪૮ હજાર ૩૬૬ જેટલાં મતદાતા પોતાના મતાધિકારનો ઉપયોગ કરવાના હતાં પુરુષ ૬ લાખ ૪૮ હજાર અને મહિલાઓ ૬ લાખ ૫૧ હજાર સામે પુરુષ ૫૨૭૧૯૩ અને મહિલાઓ ૪૭૬૦૦૮ એ મતદાન કરતા કુલ ૧૦૦૩૨૦૧ લોકોએ મતદાન કર્યું હતું. ૫૨૨ સરપંચની બેઠકો માટે ૧૮૭૭ જ્યારે ૧૯૬૨ વોર્ડની બેઠકો માટે ૪૫૬૨ ઉમેદવારો મેદાનમાં હતાં. ૫૨૮ મતદાન મથકો પર ૯૮૬૫ પોલિંગ સ્ટાફ ફરજ સાથે ૧૫૬ ઝોનલ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી હતી.